છઠ્ઠી ભારત-ઇક્વાડોર વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક (10 નવેમ્બર, 2026)

ભારત-ઇક્વાડોર વિદેશ કાર્યાલય પરામર્શ (એફઓસી) ની છઠ્ઠી બેઠક 10 નવેમ્બર 2026 ના રોજ નવી દિલ્હીમાં યોજાઇ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) શ્રી રુદ્રેન્દ્ર ટંડન દ્વારા કરવામાં આવ્યું હતું અને ઇક્વાડોરના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ઇક્વાડોરના વિદેશ બાબતો અને માનવ ગતિશીલતાના નાયબ મંત્રી શ્રી અલેજાન્ડ્રો દાવલોસ દ્વારા કરવામાં આવ્યું હતું.

2. બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિની સમીક્ષા કરી અને પ્રાદેશિક તેમજ વૈશ્વિક ઘટનાક્રમો પર મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું હતું.

3. પોતાની ભારત મુલાકાત દરમિયાન, ઇક્વાડોરના વિદેશ બાબતોના નાયબ મંત્રી શ્રી દાવલોસે વાણિજ્ય સચિવ; સ્વાસ્થ્ય સચિવ; અને ફાર્માસ્યુટિકલ્સ વિભાગના સચિવ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. તેમણે ભારતીય વ્યાપારિક મંચો સાથે પણ મુલાકાત કરી હતી.

નવી દિલ્હી

10 નવેમ્બર, 2026